


સ્વચ્છ ગાંધીનગર નહિ પણ ગંદકીથી ખદબદતુ ગાંધીનગર એ જોવા માટે બીજે ક્યાંય નહિ પરંતુ જ્યાંથી રાજ્યનો વહીવટી કારોબાર ચાલે છે અને સ્વચ્છ અને સ્વસ્થ ગુજરાતની વાતો થાય છે એવા સચિવાલય સંકુલથી ૫૦૦ મીટર દૂર આવેલ અને રાજ્યના નીતિ માર્ગ પર આવેલ જિલ્લા પંચાયત સંકુલમાં જવા માટે બનાવાયેલ સર્વિસ રોડની છે. આ પંચાયત સંકુલ પાસે મનપાનું અદ્યતન કચેરીનુ પણ નિર્માણ હેઠળ છે. અહિ ગંદકીનુ સામ્રાજ્ય અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે પાછળના ભાગે આવેલ એક્ઝીબીશન સેન્ટરમાં મચ્છરોની ઉત્પત્તિ અંગે ફેક્ટરી ઉભી થઈ છે. આ સમસ્યાનો ઉકેલ લાવવામાં કે ગુંચવવામાં કોને રસ છે તે ખબર નથી કારણ કે સૌના મુખે પેલી કવિતા સાંભળવા મળે છે ''કોણ બોલે ને કોણ સાંભળે અર્થ વિનાના શબ્દ બિચારા હોઠ પર બેસી ફફડે...''

# રિલાયન્સ ચોકડી નજીક બે કરોડથી વધુના ખર્ચે શેલ્ટર હોમ બનશે

## આજે મળનારી સ્થાયી સમિતિમાં મહત્વના નિર્ણયો લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર શહેરની બહાર રિલાયન્સ ચોકડી પાસે ત્રણ મજલાનુ શેલ્ટર હોમ બનાવવામાં આવશે. આ અંગેની ટેન્ડરપ્રક્રિયા પૂર્ણ થઈ છે અને આજે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં આની મંજૂરી આપવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગુડા દ્વારા આ પ્લોટ ગાંધીનગર મહાનગરપાલિકાને આપવામાં આવ્યો છે. ૧૩૪ જેટલા લોકો આ શેલ્ટર હોલમાં આશરો લઈ શકશે. અત્યંત આધુનિક સુવિધાસભર આ શેલ્ટર હોમ હશે જે ત્રણ મજલાનુ બનાવવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ અંગે ટેન્ડર જારી કરવામાં આવ્યુ હતુ તે ૨૧ ટકાથી પણ વધુ નીચે આવતાં તેને મંજૂરી માટે આજે સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે. ૨ કરોડથી પણ વધુના ખર્ચે આ શેલ્ટર હોમ બનાવવામાં આવશે.

સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે આજે બપોરે બાર વાગે સ્થાયી સમિતિના ખંડમાં આ બેઠક મળશે.

આ બેઠક માટે આમ તો નવ જેટલા જુદા જુદા કામો સૂચવવામાં આવ્યા છે. જેમાં સિંગલયુઝ પ્લાસ્ટિકના પ્રતિબંધ અંગે જરૂરી મંજૂરી પણ આપવામાં આવશે. મનપાએ આ સિંગલયુઝ પ્લાસ્ટીક પરના પ્રતિબંધ અંતર્ગત રૂ. એક લાખ જેટલો દંડ પણ અત્યાર સુધીમાં વસુલી લીધેલ છે. આ મંજૂરી પછી તેને સામાન્ય સભામાં પણ રજુ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

આજની આ મહત્વપૂર્ણ બેઠકમાં વાહકજન્ય રોગચાળા માટે રાજ્ય સરકારની મંજૂરીથી રખાયેલ કર્મચારીઓને લઘુત્તમ વેતન ચુકવવા માટેની મંજૂરી પણ આપવામાં આવશે. આ કર્મયોગીઓને ૬૦ ટકા જેટલુ વેતન સરકાર આપે છે જ્યારે ૪૦ ટકા જેટલુ વેતન મનપા દ્વારા ચુકવવામાં આવે છે જે નોંધનીય છે.

આ બેઠકમાં મોર્ડન ઝોન બનાવવા માટેનો પણ સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત ઘાસચારા માટેની મુદતમાં વધારો કરવા તેમજ કાઉન્સીલરોને અપાતા ટ્રી ગાર્ડની સંખ્યામાં વધારો કરવા સહિતના મુદ્દાઓ પર મંજૂરીની મહોર મારવામાં આવનાર છે.

# જિલ્લાની પંચકલ્યાણક યોજનાઓનું ૨૮મીએ મુખ્યમંત્રી લોકાર્પણ કરશે

## જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયાર કરાયેલ નાગરિકોની સુવિધા માટે યોજનાનું કલેક્ટર ખાતે લોકાર્પણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

૨૮મી નવેમ્બરના રોજ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જિલ્લા કલેક્ટર કચેરીની મુલાકાતે આવશે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લાતંત્ર દ્વારા અમલમાં આવનારી પંચકલ્યાણક યોજનાઓનું પણ વિધિવત્ લોકાર્પણ આ દિવસે રાજયના મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવશે.



૧૧ હજાર સ્કેવર ફૂટમાં અદ્યતન જનસેવા કેન્દ્ર, સબ રજીસ્ટ્રારની મોડેલરૂપ કચેરી, ''સૌનુ આરોગ્ય-સૌને સુરક્ષા હલ્લો એસ.ઓ.એસ. ગાંધીનગર'', કુપોષણ મુક્ત તંદુરસ્ત જિલ્લો પ્રોજેક્ટ તેમજ વયસ્કો માટે તીર્થદર્શન યોજનાનુ લોકાર્પણ કરવામાં આવશે.

સૌનુ આરોગ્ય - સૌને સુરક્ષા હેલ્લો એસ.ઓ.એસ. ગાંધીનગર તેમજ કુપોષણ મુક્ત તંદુરસ્ત જિલ્લો પ્રોજેક્ટ એ સ્વૈચ્છીક સંસ્થાઓના અનુદાન અને વહીવટીતંત્રના સંકલનથી અમલમાં આવનાર છે. આ સાથે જ જિલ્લો રાજ્યનો પ્રથમ જિલ્લો બનશે.

મુખ્યમંત્રી રૂપાણી સાથે જિલ્લાના પ્રભારી અને રાજ્યના મહેસુલ મંત્રી કૌશિક પટેલ પણ હાજર રહેશે. તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે તેમાં આ બન્ને મહત્વના પ્રોજેક્ટ્સ ઉપરાંત ૨જી ઓક્ટો.ના રોજ પ્રધાનમંત્રીના કાર્યક્રમનો પણ સમાવેશ થાય છે.

# કેપિટલ સ્ટેશન પર ભાવનગર-હરિદ્વાર ટ્રેઈન શરૂ થવાના સંકેતો

## હોટલના પ્રોજેક્ટના અંતે અન્ય નવી ટ્રેઇન શરૂ કરવા માટે પણ વિચારણા ચાલી રહી છે : કલોલ થઇને દોડતી ટ્રેઇન ગાંધીનગર લંબાવવા માટે પણ આયોજન કરાયુ નથી

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર કેપિટલ સ્ટેશનનો વિસ્તાર હાલ ભુલભુલૈયા સમાન બન્યો છે સ્ટેશન વિસ્તારમાં હોટલ નિર્માણ તેમજ સ્ટેશન વિકાસની કામગીરી ચાલતી હોવાથી રસ્તો પણ શોધવો પડે તેવી સ્થિતિ છે. જયારે સ્ટેશનને નવી ટ્રેઈન ફાળવવામાં આવે તેવી પણ વખતોવખત રજુઆત થઈ રહી છે. હોટલ નિર્માણની કામગીરીના અંતે સ્ટેશનને નવી ટ્રેઈન મળશે તેવા સંકેતો પણ મળ્યા છે. બીજીતરફ ભાવનગર હરિદ્વારની નવી ટ્રેઈન ટુંકમાં શરૂ માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર રેલવે સ્ટેશન પર હાલ ફાઈવ સ્ટાર હોટલના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. સ્ટેશનના વિકાસની પણ કામગીરી ચાલી રહી છે. ત્યારે કેપિટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવામાં આવે તેવી માંગણી પ્રબળ બની છે. હાલ સ્ટેશન પર હરિદ્વારા, ગરીબરથ , ભાવનગર , ઈન્દોર સહીતના રૂટ માટે ટ્રેઈન દોડી રહી છે. જો કે થોડા વખતથી હોટલ અને ટ્રેકની કામગીરીને અનુલક્ષીને સ્ટેશન પર દોડતી ટ્રેઈનનો વ્યવહાર પણ ખોરવાયો છે. થોડા સમય અગાઉ ભાવનગર તરફ દોડતી ટ્રેઈન પણ નવી શરૂ કરવામાં આવી હતી. જયારે આગામી દિવસોમાં ભાવનગર હરિદ્વાર તરફની ટ્રેઈન પણ શરૂ કરવામાં આવશે. જો કે હજુ આ ટ્રેઈન શરૂ થવાના મામલે સત્તાવાર જાણવા




મળ્યુ નથી પરંતુ આ રૂટની ટ્રેઈન શરૂ કરવા માટે પ્રબળ વિચારણા હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર રેલવે સ્ટેશનને નવી ટ્રેઈન ફાળવવા માટે અનેકવાર રજુઆત કરવામાં આવી છે.પરંતુ હજુ સુધી કપેટિલ સ્ટેશનનો સમકક્ષ ટ્રેઈન સેવા પાટનગરને

● અનુસંધાન પાન-૭ પર

# ન્યુ ગાંધીનગર વિસ્તારમાં મેલેરિયા તંત્રએ વધુ ૧૧ને નોટીસ ફટકારી

## આદરજ મોટી પી.એચ.સી. વિસ્તારમાં પાંચ તો સુઘડ પી.એચ.સી.માં ૨ અને ઉવારસદ પી.એચ.સી. વિસ્તારમાં ૪ ને નોટીસ તંત્રની ટીમો દ્વારા આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાની મેલેરિયા ટીમો આજે વધુ એકવાર ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ત્રાટકી અને ૧૧ જેટલી નોટીસો જવાબદારોને થમાવી છે જેમાં ૯ સોસાયટીના સંચાલોકને અને બે કન્સ્ટ્રક્શન સાઈટના સંચાલકોને નોટીસ થમાવવામાં આવી છે.

જિલ્લા મેલેરિયાતંત્રની ટીમો દ્વારા દર ગુરૂવારે આ સામુહિક અભિયાન હાથ ધરવામાં આવે છે. વાહકજન્ય રોગચાળા માટે આ વિસ્તારને અતિ સંવેદનશીલ ગણવામાં આવી રહ્યુ છે. જોકે નોટીસો વારંવાર આપ્યા પછી પણ મચ્છરોના બ્રિડીંગ આ વિસ્તારમાંથી મોટા પાયે મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે જે ૧૧ નોટીસ આપવામાં આવી છે તેમાં પાંચ નોટીસ તો આદરજ મોટી પ્રા.આ. કેન્દ્ર વિસ્તારના હદની છે તો ૪ ઉવારસદ પ્રા.આ. કેન્દ્ર વિસ્તારના હદની છે અને ૨ સુઘડ પ્રા.આ. કેન્દ્ર વિસ્તારના હદમાં છે.

આદરજ મોટી પ્રા.આ. કેન્દ્ર વિસ્તારમાં તંત્રની ઉદાસીનતા આંખ ખોલનારી બની રહી છે. પણ હજુ કોઈના પેટનું પાણી હાલતુ નથી. આ વિસ્તારમાં અગાઉ પણ ૮ માંથી ૭ સોસાયટીમાં મચ્છરોના ભારે બ્રિડીંગ મળ્યા હતા જે નોંધનીય છે.

તંત્રની ટીમ દ્વારા અહિ એન્ટીલારવેલની કામગીરી કરવામાં આવે છે. વરસાદ પાછોતરો પડી રહ્યો છે. આ ઉપરાંત આ વિસ્તારની હદમાં આવતા વાવોલ અને વાસણા હડમતિયા વિસ્તાર અન્ય વિસ્તારોની તુલનામાં વધારે સંવેદનશીલ ગણવામાં આવે છે ત્યારે પ્રા.આ. કેન્દ્ર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવે અને જનજાગૃતિ માટે પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિમાં આ વર્ષે મેલેરિયાના કેસો ઘટ્યા છે પણ ડેન્ગ્યુના કેસો સતત વધી રહ્યા છે. જોકે છુટા છવાયા કેસો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# સિવિલ દર્દીઓથી ઉભરાય છે

## નગરમાં ઘેર-ઘેર માંદગીના ખાટલા : ૬૫૦ બેડની હોસ્પિટલમાં ૭૪૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાએ માથું ઉંચક્યું છે. સતત વાદળછાયા વાતાવરણની વચ્ચે વાઈરલ બિમારીઓએ નગરને અજગરી ભરડો લીધો છે.નગરમાં ઘેર ઘેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. શહેરની હોસ્પિટલની ઓપીડી દર્દીઓથી ઉભરાઈ રહી છે. મેડીસીન ઓપીડીમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. સિવિલની વિવિધ ઓપીડીમાં રોજના અંદાજીત ૨૪૦૦થી વધુ દર્દીઓ જુદા જુદા રોગની સારવાર માટે આવે છે. હાલ વાહકજન્ય રોગચાળાને પગલે સિવિલના આઠમાં માળે મેડીસીન વોર્ડમાં દર્દીઓથી ઉભરાતા એક નવો વોર્ડ ઉભો કરાયો છે અને દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. પાટનગરની ૬૫૦ બેડની હોસ્પિટલમાં હાલ અંદાજીત ૭૫૦ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.




શહેરમાં વાદળછાયા વાતાવરણ અને ભેજવાળી આબોહવાના પગલે મચ્છરજન્ય રોગના દર્દીઓ પણ ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં મચ્છરજન્ય તેમજ જીવલેણ ગણાતા ડેન્ગ્યુંના દર્દીઓમાં એકાએક વધારો થઈ ગયો છે. એક અંદાજ પ્રમાણે ગાંધીનગર શહેર જિલ્લામાં એક જ દિવસમાં વધારાના નવા ૨૦ થી પણ વધુ ડેન્ગ્યુના દર્દીઓ નોંધાયા છે. જો કે તેમને સારવાર આપવામાં આવતા આ દર્દી પુનઃ સ્વસ્થ થઈ જાય છે. આ બિન આરોગ્યપ્રદ સિઝનની સીધી અસર ગાંદીનગરહ સિવિલ તેમજ નગરની ખાનગી હોસ્પિટલમાં જોવા મળી છે. ખાનગી ડોકટરોના ત્યાં દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે.મોડીરાત સુધી ખાનગી દવાખાના ધમધમી રહ્યા છે. ત્યારે સિવિલની ઓપીડીમાં મેડીસીન વિભાગમાં પણ દર્દીઓની લાંબી કતારો સર્જાય છે. ૬૦૦ પથારીની સિવિલમાં હાલની સ્થિતિએ ૭૪૦ દર્દીઓને દાખલ કરીને સારવાર આપવામાં આવી રહી છે. ત્યારે દર્દીઓની સંખ્યા વધવાને પગલે ડિઝાસ્ટર વોર્ડ પણ સિવિલમાં ખોલવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને વાયરલ એટલે કે તાવ અને ડેન્ગ્યુના દર્દીઓ જ વધુ હોવાનું જાણવા મળ્યું છે.

# પંચાયતના સર્વિસ રોડની સફાઈ અને મરામતની કામગીરી ઝડપી કરાવવા માંગ

## પંચાયતના કર્મયોગીઓના આરોગ્ય સામે ભય ઉભો થયો છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના સર્વિસ રોડ પર ગટરલાઈન નાખવાને લઈ થયેલ ખોદકામ હજુ સુધી પૂર્ણ ન થતાં પંચાયતના રોડ પર ભરાયેલા રહેતા પાણીથી મચ્છરોનો ઉપદ્રવ વધવા પામ્યો છે અને પંચાયતના કર્મયોગીઓનો આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે તો તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી માંગ જિલ્લા પંચાયત કર્મચારી મંડળે જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પત્ર આપી રજુઆત કરી છે.

જિલ્લા પંચાયત કર્મચારી મંડળે આ રોડ પર પડી ગયેલા ખાડાઓને કારણે પંચાયતની કચેરીએ પહોંચવુ પણ મુશ્કેલભર્યુ હોવાનુ જણાવ્યુ છે. કાદવ કીચડમાં થઈ કચેરીએ પહોચવુ પડે છે. તેમજ પાણી ભરાઈ રહેવાને કારણે મચ્છરોની ઉત્પાત્તિ પણ મોટા પ્રમાણમાં થઈ છે. શહેરી તંત્ર દ્વારા અહિ કોઈજ પ્રકારનુ મોનીટરીંગ કે દવા છંટકાવ પણ કરવામાં આવતો નથી.

કાદવકીચડમાંથી ચાલીને આવવામાં પડી જવાનો ભય પણ કર્મચારીઓને રહેશે. આ બાબતે ઝડપી કાર્યવાહી કરવામાં આવે તેવી ડે. ડીડીઓએ લખેલા પત્ર પછી પણ મંથરગતિએ કામગીરી ચાલી રહી છે.

એક માસ કરતાં પણ વધારે સમય પસાર થઈ ગયો હોવા છતાં કોઈ જ ઉકેલ આ સમસ્યાનો આવ્યો નથી. વાહન પાર્ક કરવાની પણ સમસ્યા રહે છે. અહિ આવતા મુલાકાતીઓને પણ કચેરીએ આવવામાં ભારે યાતનાઓ સહન કરવી પડી રહી છે. આ સંજોગોમાં આપશ્રી કમિશ્નરશ્રીને મળી દરમ્યાનગીરી કરો તેમજ આરોગ્ય વિષયક સમસ્યાઓ, પાર્કિંગના પ્રશ્નો અને રોડ સલામતિના પ્રશ્નોનો ઉકેલ લાવો તેવી અમારી સ્પષ્ટ માંગ છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

# વિજબીલમાં ફીક્સ ચાર્જ બંધ કરો : ગ્રાહકોને ઈસીએસ યોજનાનો લાભ આપો

## શહેર વસાહત મહામંડળે જર્કની સલાહકાર સમિતિ સમક્ષ ગ્રાહકલક્ષી મુદ્દાઓની રજુઆત કરી

ગાંધીનગર તા ૨૬

વિજબીલમાં ફીક્સ ચાર્જ બંધ કરો અને વિજબીલના ચુકવણા માટે ઈ સી એસ યોજનાનો ગ્રાહકોને લાભ આપો સહીતના મુદ્દે શહેર વસાહત મહામંડળે જર્કની સલાહકાર સમિતિ સમક્ષ રજુઆત કરી હતી.

ગુજરાત વિજ નિયમન પંચની ૨૬ મી એડવાઈઝરી કમિટીમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે રજુઆતમાં જણાવ્યા મુજબ વિજકંપનીઓના વિજબીલ ભરવા માટે કંપનીએ બેંકો સાથે પરામર્શ કરીને ઈ સી એસ યોજનાનો ગ્રાહકોને લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ. વરિષ્ઠ નાગરિકોને પણ રાહત મળે તેવુ આયોજન કરવુ જોઈએ. આ ઉપરાંત વિજબીલમાં ફીક્ષચાર્જ વસુલ કરવામાં આવે છે પરંતુ ગ્રાહકો માંગ્યા મુજબ પાવરનો ઉપયોગ કરતા ન હોવાછતા ફીક્ષચાર્જના નામે નાણાની વસુલી કરી આર્થિક નુકશાની ભોગવવી પડે છે. કારખાનાની જેમ અન્ય ઘરેલુ ઉપયોગ તેમજ નાના ઉદ્યોગોને પણ લાભ આપવા માટે તેમણે રજુઆત કરી હતી. જયારે વિજજોડાણ માટે કંપનીઓની સ્થાનિક કચેરીઓમાં જોડાણ સાધનો અને મટીરીયલ્સ ન હોવાથી મીટરોના અભાવે જોડાણમાં વિલંબમાં પડે છે. આ માટે જરૂરી કેબલો અને મીટરો પણ પુરા પાડવા માટે પણ રજુઆત

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે ટુંકમાં ભરતી

## ખાલી જગ્યાનો રીપોર્ટ તૈયાર કરી સ્કુલ ઓફ કમિશ્નરને સુપ્રત કરાશે

ગાંધીનગર તા ૨૬

જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે ટુંકમાં ભરતી પ્રક્રીયા હાથ ધરાશે. હાલ આ ભરતીના આયોજનને અનુલક્ષી કમિશ્નર ઓફ સ્કુલ કક્ષાએથી વિગતો મંગાવામાં આવી છે. જિલ્લાની શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાનો તાગ મેળવીને આગામી દિવસોમાં ભરતીના અંતે શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે ગતિવિધિઓ હાથ ધરાશે. હાલની સ્થિતિએ અંદાજિત ૬૦થી વધુ શિક્ષકોની જગ્યા ખાલી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં વિવિધ વિષય શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે ટુંકમાં આયોજન કરાશે. જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની નોંધપાત્ર જગ્યા ખાલી છે.જયારે વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે રાજયના વિવિધ જિલ્લામાં શિક્ષકોની ખાલી જગ્યાને અનુલક્ષી પ્રવાસી શિક્ષકોને પણ નિમણુંક આપવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ પુરુ પાડવા માટે ખાલી જગ્યાની સામે પ્રવાસી શિક્ષકોને જવાબદારી સોંપવામાં આવી છે. બીજીતરફ સરકાર દ્વારા રાજયના વિવિધ જિલ્લાઓની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે હવે શિક્ષણ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યુ છે. સરકાર દ્વારા ખાલી જગ્યાઓનો રીપોર્ટ તૈયાર કરી સુપ્રત કરવા માટે પણ જણાંવાયુ છે. ગાંધીનગર જિલ્લામાં પણ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગની શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવા માટે પણ શિક્ષણ તંત્ર પાસે સ્કુલ ઓફ કમિશ્નરે વિગતો મંગાવી છે. આગામી દિવસોમાં રાજયના વિવિધ જિલ્લામાં શિક્ષકોની ભરતી પ્રક્રીયા હાથ ધરાશે. હાલ શાળાઓમાં પ્રવાસી શિક્ષકોના આધારે કામ ચાલી રહ્યુ છે. જયારે આગામી દિવસોમાં કાયમી ધોરણે શિક્ષકોને નિમણુંક આપી દેવાશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com